# વ્હિસલ બ્લોઅર પોલિસી - WHISTLE BLOWER POLICY

| | |
|---|---|
| તૈયાર કરનાર | હેડ ઓફ હ્યુમન રીસોર્સીસ |
| મંજૂર કરનાર | ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર |
| અમલીકારણ તારીખ | 01-April-2026 |

## 1. પોલીસી સ્ટેટમેન્ટ

આગાખાન એજ્યુકેશન સર્વિસ, ઇન્ડિયા (AKES, India), અખંડિતતા, પારદર્શિતા અને નૈતિક આચરણના ઉચ્ચતમ ધોરણો માટે પ્રતિબદ્ધ છે. વ્હિસલબ્લોઅર પોલિસી કર્મચારીઓ અને સ્ટેક હોલ્ડર્સને અનૈતિક વર્તણૂક, ગેરરીતિ, છેતરપિંડી, કાનૂની ઉલ્લંઘન અને અન્ય ગેરવર્તણૂક વિશેની રજૂઆત કરવા માટે એક પદ્ધતિ પૂરી પાડે છે, જ્યારે ગુપ્તતા અને બદલા સામે રક્ષણ સુનિશ્ચિત કરે છે.

આ પોલીસીનાં ઉદ્દેશો નીચે મુજબ છે:

- કર્મચારીઓ અને બીજા સ્ટેક હોલ્ડર્સને બદલો લેવાના ડર વિના ચિંતા/પ્રશ્ન/સમસ્યાની જાણ કરવા માટે પ્રોત્સાહિત કરવા
- નિષ્પક્ષ અને પારદર્શક રીતે ચિંતા/પ્રશ્ન/સમસ્યાનાં નિરાકરણ માટે પ્રક્રિયા સ્થાપિત કરવી.
- જવાબદાર અને સુરક્ષિત વ્હિસલબ્લોઇંગ માટે એક માળખું પ્રદાન કરવું.
- સારા ઉદેશથી ખુલાસો કરનાર વ્યક્તિઓનું રક્ષણ કરવું.
- જવાબદારી અને અખંડિતતાની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવું.

## 2. કાર્યક્ષેત્ર અને વ્યાખ્યા

આ પોલીસી AKES, INDIA નાં તમામ કર્મચારીઓ (કાયમી, અસ્થાયી, પ્રોબેશનરી, પાર્ટ-ટાઇમ), બોર્ડ ઓફ ડિરેક્ટર્સ, કોન્ટ્રાક્ટ આધારિત સેવા પૂરી પાડનારાઓ, સલાહકારો, વોલન્ટીયર્સ અને સંસ્થા સાથે સંકળાયેલા અથવા તેનું પ્રતિનિધિત્વ કરતા અન્ય કોઈ પણ ત્રાહિત પક્ષકારોને લાગુ પડે છે.

મુખ્યત્વે અયોગ્ય પ્રવૃત્તિઓ સામે પ્રશ્ન રજુ કરવામાં આવી શકે છે, જેમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે પરંતુ તે મર્યાદિત ન હોઈ શકે:

- નાણાકીય અને ઓડીટીંગ સંબંધિત ગેરરીતિઓ – નાણાકીય રીપોર્ટસને લગતી સમસ્યાઓ અને હિસાબો પરનાં આંતરિક નિયંત્રણ સહીત
- નાણાકીય ગેરરીતિ અને છેતરપિંડી

- ખરીદીમાં છેતરપિંડી
- હિતોનો ટકરાવ (conflicts of interest)
- સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન અને સલામતી માર્ગદર્શિકાનું પાલન ન કરવું
- સંસ્થાના એક્ઝિક્યુટિવ્સને અયોગ્ય લોન
- લાંચ (લેવી અને આપવી) અને ભંડોળનો ગેરઉપયોગ
- રેકોર્ડનું દસ્તાવેજીકરણ ખોટી રીતે કરવું
- સંસ્થાઓની આચારસંહિતાનું ઉલ્લંઘન
- ગુનાહિત કૃત્યનું આચરણ અથવા સંભવિત આચરણ
- ખોટા ખર્ચનો દાવો / વળતર
- કર્મચારી સંબંધો પર પ્રતિકૂળ અસર કરતાં પ્રવૃત્તિઓ
- ખોટુ નાણાકીય રિપોર્ટિંગ
- કાયદા વિરુદ્ધની (ગેરકાયદેસર) પ્રવૃત્તિઓ
- સંસ્થાઓની સંપત્તિ અને સંસાધનોનો દુરુપયોગ
- સત્તા અથવા પદનો દુરુપયોગ
- સંસ્થાઓની સંવેદનશીલ માહિતીનું ખોટી રીતે આદાન પ્રદાન કરવું
- કોઈપણ સ્વરૂપનો ભેદભાવ અને માનવ અધિકારોનું ઉલ્લંઘન

આ પોલીસીનો ઉપયોગ સંસ્થાની ફરિયાદ પ્રક્રિયાના સ્થાને થવો જોઈએ નહીં અથવા સહકર્મીઓ સામે ખોટા અથવા નિરર્થક આક્ષેપો કરવા માટેનો માર્ગ હોવો જોઈએ નહીં. રોજગાર અથવા કર્મચારીના વળતરના નિયમો અને શરતો, સુપરવાઇઝર અથવા સહકાર્યકરો સાથેના મતભેદો અથવા તેના જેવા મુદ્દાઓને લગતી કર્મચારીની ફરિયાદોને HR પોલીસી હેઠળ ધ્યાને લેવામા આવશે. જાતીય સતામણીને લગતી બાબતો POSH પોલીસી હેઠળ ધ્યાને લેવામા આવશે. અને સેફગાર્ડીંગ સંબંધિત બાબતોને સેફગાર્ડીંગ અને ચાઈલ્ડ પ્રોટેક્શન પોલીસી હેઠળ ગણવામાં આવશે.

**વ્યાખ્યાઓ**:

**"શિસ્તભંગ સબબ કાર્યવાહી" એટલે** તપાસની કાર્યવાહી પૂર્ણ થવા પર લેવામાં આવતી કોઈ પણ કાર્યવાહી જેમાં ચેતવણી, દંડ લાદવો, સત્તાવાર ફરજોમાંથી સસ્પેન્શન અથવા સેવાની સમાપ્તિ વિગેરે, જે બાબતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને યોગ્ય હોય તે કાર્યવાહીનો સમાવેશ થાય છે,.

**"પ્રોટેક્ટેડ ડિસ્ક્લોઝર"નો** અર્થ એ છે કે સારા ઉદેશથી લેખિત સંદેશાવ્યવહાર દ્વારા ઉઠાવવામાં આવેલી ચિંતા/પ્રશ્ન જે અનૈતિક અથવા અયોગ્ય પ્રવૃત્તિના પુરાવા આપી શકે તેવી માહિતીને જાહેર કરવી અથવા દર્શાવવી.

**"વિષય" એટલે** એવી વ્યક્તિ કે જેની વિરુદ્ધ અથવા તેના સંબંધમાં સંરક્ષિત ખુલાસો કરવામાં આવે છે અથવા તપાસ દરમિયાન પુરાવા એકત્રિત કરવામાં આવે છે.

**"વ્હિસલબ્લોઅર" એ** એવી વ્યક્તિ છે જે આ પોલીસી હેઠળ સંરક્ષિત ડિસ્ક્લોઝર (અનૈતિક માહિતીની જાણ) કરે છે.

**"વ્હિસલબ્લોઅર કમિટી" એટલે** એવી વ્યક્તિઓની સમિતિ કે જેઓને વિગતવાર તપાસ હાથ ધરવા માટે નિયુક્ત કરવામાં આવે છે.

**"બોર્ડ" એટલે** સંસ્થાના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

## 3. ગુપ્તતા **અને રક્ષણ**

AKES, India વ્હિસલબ્લોઅર સામે કોઈ પણ પ્રકારનો બદલો, સતામણી અથવા ભોગ બનવા પર સખત પ્રતિબંધ મૂકે છે. વ્હિસલ બ્લોઅર સાથે કોઈ અન્યાયી વર્તન કરવામાં આવશે નહીં, કારણ કે તેણે આ પોલીસી હેઠળ સંરક્ષિત માહિતી પૂરી પાડેલ છે.

વ્હિસલબ્લોઅરની ઓળખ ગુપ્ત રાખવામાં આવશે અને કાયદા દ્વારા જરૂરી ન હોય ત્યાં સુધી તેની સંમતિ વિના જાહેર કરવામાં આવશે નહીં.

જે વ્યક્તિઓએ AKES, India માં ભેદભાવ, સતામણી, છેતરપિંડી અથવા ભ્રષ્ટાચારની પ્રથાઓના કેસોની જાણ કરી હોય તેમને તેમની જાહેરાતોનાં કે પરિણામનાં કારણે (પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે) ભેદભાવ કરવામાં આવશે નહીં.

ઉપરોક્ત તપાસમાં મદદ કરનાર અથવા પુરાવા રજૂ કરનાર અન્ય કર્મચારીને પણ વ્હિસલબ્લોઅર જેટલી જ સુરક્ષા પૂરી પાડવામાં આવશે.

જે વ્યક્તિઓને લાગે છે કે તેમની જાહેરાતોનાં પરિણામે તેઓ સાથીદારો અથવા સુપરવાઇઝરો (પ્રત્યક્ષ અથવા પરોક્ષ) દ્વારા સતામણીના કૃત્યોનાં ભોગ બની શકે છે, તેઓએ AKES, India નાં હેડ, HR ને  જાણ કરવી. તેઓ પરિસ્થિતિને સુધારવા માટે પગલાં લેશે અને જો જરૂરી હોય તો, શિસ્તભંગની કાર્યવાહી કરશે.

**અયોગ્યતા**

વ્હિસલબ્લોઅર્સને અહીં નિર્ધારિત કોઈપણ પ્રકારની અન્યાયી વ્યવહારથી સંપૂર્ણ રક્ષણ આપવામાં આવે છે, આ સંરક્ષણનાં કોઈપણ દુરૂપયોગ સામે શિસ્તભંગ અંગેની કાર્યવાહી કરવામાં આવશે.

જો કોઈ વ્હિસલબ્લોઅર જાણકારી હોવા છતાં અથવા બદઈરાદાથી ખોટા અથવા બોગસ આક્ષેપો કરે છે અને તેની સામે શિસ્તભંગના પગલા લેવામાં આવતા હોય તો તે વ્યક્તિને રક્ષણ મળવાપાત્ર નથી.

વ્હિસલબ્લોઅર્સ દ્વારા આપવામાં આવેલ જાણકારી જો ભવિષ્યમાં ખોટા ઈરાદાપૂર્વકની, વ્યર્થ અથવા ખોટી હોવાનું જાણવામાં આવશે તો તેની વિરુદ્ધ સંસ્થાની આચારસંહિતા અને HR પોલીસી હેઠળ કાર્યવાહી કરવામાં આવશે.

કન્સલ્ટન્ટ્સ, કોન્ટ્રાક્ટરો, વિક્રેતાઓ, સેવા પૂરી પાડનારાઓ અથવા અન્ય કોઈ ત્રાહિત પક્ષના કિસ્સામાં AKES, India યોગ્ય કરાર અથવા શિક્ષાત્મક પગલાં લઈ શકે છે, જેમાં ઉલ્લંઘનની ગંભીરતાના આધારે કરાર રદ્દ કરવો,

સેવાઓ સ્થગિત કરવી, ભાવિ જોડાણમાંથી બ્લેકલિસ્ટિંગ અથવા કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો સમાવેશ થઈ શકે છે.

## 4. ચિતા/પ્રશ્ન/મુદ્દો રજુ કરવાની પ્રક્રિયા

AKES, India માં કોઈ પણ જગ્યાએ ભેદભાવ, સતામણી, છેતરપિંડી અથવા ભ્રષ્ટાચારની પ્રથાઓની શંકા અથવા પુરાવા whistleblower@akesi.org પર ઇ-મેઇલ દ્વારા રજુ કરવા જોઈએ. આ ઇમેઇલ આઈડીની ઍક્સેસ ફક્ત HR કમિટીનાં વડા અને આંતરિક ઓડિટના વડા પાસે જ હશે.

આ ચિંતા/પ્રશ્નો/મુદ્દાઓ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અથવા તેલુગુમાં રજૂ કરી શકાય છે અને જ્યાં પણ શક્ય હોય ત્યાં સહાયક પુરાવા સાથે તાત્કાલિક ઉઠાવવા જોઈએ.

કર્મચારીઓને શક્ય તેટલી વહેલી તકે સંરક્ષિત જાહેરાત કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે. જો પ્રશ્ન ઉઠાવવામાં ઘટનાના 30 દિવસથી વધુ વિલંબ થાય, તો કર્મચારીએ વિલંબ થવા માટે યોગ્ય કારણ પૂરું પાડવું જોઈએ. જ્યારે વ્હિસલબ્લોઅર્સને પોતાની ઓળખ આપવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, ત્યારે અનામી ફરિયાદો પણ સ્વીકારવામાં આવશે અને તપાસ કરવામાં આવશે.

મુદ્દો ઉઠાવતી વખતે, તમામ વ્યક્તિઓએ ખોટા કામનો વિગતવાર હિસાબ પૂરો પાડવા માટે ખૂબ કાળજી લેવી જોઈએ, અને ફરિયાદ દાખલ કરતી વખતે શક્ય તેટલી ચોકસાઈ રાખવી જોઈએ. જેમા નીચેની બાબતો સામેલ છે:

- ચિંતા/સમસ્યા/ખોટા કાર્યનું સ્વરૂપ/પ્રકાર
- ઘટનાની તારીખ, સમય, સ્થાન.
- ચોક્કસ સ્થાન કે જ્યાં બનાવ બનેલ છે.
- વ્યક્તિ અથવા સંસ્થા દ્વારા કરવામાં આવેલ આક્ષેપિત ખોટા કાર્ય કરવાની રીત
- આ કૃત્યને અયોગ્ય કેમ ગણવામાં આવે છે તેનું કારણ.
- આક્ષેપોને સાબિત કરવા માટે કોઈપણ ઉપલબ્ધ દસ્તાવેજો.
- કથિત ગેરરીતિના અન્ય સાક્ષીઓની વિગતો.

## 5. તપાસ પ્રક્રિયા

એકવાર ફરિયાદ દાખલ થયા પછી, HR કમિટી (HRC) ના અધ્યક્ષ અને આંતરિક ઓડિટ (HoIA) ના વડા ચીફ ઓપરેશન્સ ઓફિસર (COO) અને હેડ, HRને સૂચના આપશે, અને જો ફરિયાદ CEO, બોર્ડના ડિરેક્ટર અથવા HoIA વિરુદ્ધ હોય, તો બોર્ડના ચેરમેનને જાણકારી આપવામાં આવશે. એકવાર જાણકારી અપાઈ જાય તે પછી, HR હેડ જરૂરિયાત મુજબ તપાસની પ્રક્રિયા શરૂ કરશે. જો ફરિયાદ બાળક(કો)ને લગતી હશે, તો HR હેડ કન્ટ્રી સેફગાર્ડિંગ લીડને જાણ કરશે.

જો વ્હિસલબ્લોઅર દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતીના આધારે પ્રારંભિક તપાસમાં આ મુદ્દો નિરાધાર છે અથવા આ પોલીસી હેઠળ તપાસ કરવાની બાબત નથી તેવું સાબિત થતું હોય તો કેસને આ તબક્કે રદ્દ કરી શકાય છે, અને નિર્ણયનું દસ્તાવેજીકરણ કરવામાં આવશે અને વ્હિસલબ્લોઅરને લેખિતમાં જાણ કરવામાં આવશે.

જ્યાં પ્રાથમિક પૂછપરછમાં વધુ તપાસની જરૂર જણાય ત્યાં કેસ CEO દ્વારા સૂચવેલ વ્હિસલબ્લોઅર કમિટી (WC) ને મોકલવામાં આવશે અને જો ફરિયાદ CEO, બોર્ડના ડિરેક્ટર અથવા HoIA વિરુદ્ધ હોય, તો બોર્ડના ચેરમેન દ્વારા કમિટીની રચના કરવામાં આવશે. આ કમિટીમાં મેનેજમેન્ટના 3-5 વરિષ્ઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવશે, અને સુનિશ્ચિત કરવામાં આવશે કે કોઈ પણ સભ્યને આક્ષેપમાં કોઈ હિતનો ટકરાવ અથવા સંડોવણી ન હોય. નાની ફરિયાદો માટે, એક નાની પેટા-પેનલને સમીક્ષા કરવા માટે અધિકૃત કરવામાં આવી શકે છે અને ગંભીર બાબતો માટે સંપૂર્ણ કમિટી તપાસ કરશે.

A. WC સંરક્ષિત ડિસ્કલોઝરનો વિગતવાર લેખિત રેકોર્ડ બનાવશે, જેમાં નીચેની કે વધુ બાબતો સામેલ હશે,

- આ બાબત/કેસની હકીકતો
- શું તે જ સંરક્ષિત ડિસ્ક્લોઝર અગાઉ કોઈએ ઉઠાવ્યું હતું, અને જો એમ હોય તો, તેનું પરિણામ.
- શું કોઈ સંરક્ષિત ડિસ્ક્લોઝર અગાઉ સમાન વિષય સામે ઉઠાવવામાં આવ્યું હતું.
- સંસ્થાને કોઈ નાણાકીય/અન્ય પ્રકારનું નુકસાન થયું છે/થયું હશે

WC નિષ્પક્ષ અને વ્યાપક તપાસ હાથ ધરશે અને નામાંકન/નિમણૂંક થયાના 15 દિવસની અંદર કાર્યવાહીની ભલામણ સાથે રીપોર્ટ તૈયાર કરી CEO ને સુપ્રત કરશે. જો ફરિયાદ CEO, બોર્ડના ડાયરેક્ટર અથવા HoIA વિરુદ્ધ હશે, તો અહેવાલ બોર્ડના ચેરમેન સાથે શેર કરવામાં આવશે. WCને આ પોલીસી હેઠળ તપાસ હાથ ધરવા માટે સંસ્થાના કોઈપણ કર્મચારીની કોઈપણ માહિતી/દસ્તાવેજ અને ચકાસણી માટે બોલાવવાનો અધિકાર રહેશે. WCના સભ્યો તપાસ દરમિયાન દરેક સમયે ગુપ્તતા જાળવશે. જો તપાસ 15 દિવસના સમયગાળાથી આગળ વધે તો ચેરમેન/CEOની લેખિતમાં મંજૂરી લેવી જરૂરી બનશે.

તપાસના પરિણામો સંસ્થાની નીતિઓ અને પ્રક્રિયાઓ અનુસાર આગળની કાર્યવાહી માટે HRC અને HoIA ના અધ્યક્ષને મોકલવામાં આવશે. જો તપાસ CEO, બોર્ડના ડાયરેક્ટર અથવા HoIA સાથે સંબંધિત હોય તો પરિણામ બોર્ડના ચેરમેનને મોકલવામાં આવશે.

B. અહેવાલ સુપરત કર્યા પછી, CEO આ બાબતે હેડ, HRC અને હેડ, HoIA સાથે ચર્ચા કરશે અને નીચેનામાંથી કોઈ પણ પગલાં લેશે:

- જો પ્રોટેક્ટેડ ડિસ્ક્લોઝર સાબિત થાય, તો WCના તારણો સ્વીકારવા અને WC દ્વારા ભલામણ કરવામાં આવે અથવા તેઓને યોગ્ય લાગે તે પ્રકારની શિસ્તભંગ સબબ કાર્યવાહી કરવી.
- જો સંરક્ષિત ડિસ્ક્લોઝર સાબિત ન થાય તો, આ કેસને બંધ કરશે; અથવા
- આ બાબતની ગંભીરતાના આધારે, CEO બોર્ડ સમક્ષ તેની ભલામણો સાથે આ બાબત મૂકી શકે છે. બોર્ડ યોગ્ય લાગે તે મુજબ આ બાબતનો નિર્ણય લઈ શકે છે.

જો કોઈ તપાસ સ્થાપિત કરે છે કે સંસ્થાના કર્મચારી અથવા ડિરેક્ટર આ નીતિનું ઉલ્લંઘન કરીને ભેદભાવ, સતામણી અને/અથવા બદલો લેવાનાં આચરણ અથવા ક્રિયાઓમાં રોકાયેલા છે, અથવા કોઈ પણ કૃત્ય કે જે અનૈતિક વર્તણૂક, છેતરપિંડી અથવા સંસ્થાની આચારસંહિતા અથવા નૈતિકતાનું ઉલ્લંઘન કરે છે, તો સંસ્થા કર્મચારીની નોકરીની સમાપ્તિ સહિતના તાત્કાલિક અને યોગ્ય સુધારાત્મક પગલાં લેશે.

સંસ્થા સાથે વ્યવહાર કરતા ત્રાહિત પક્ષકારો (જેમ કે સલાહકારો, કોન્ટ્રાક્ટરો, સેવા પૂરી પાડનારાઓ અથવા વિક્રેતાઓ) ના કિસ્સામાં, સંસ્થા કરાર રદ્દ કરવો અથવા અન્યકાનૂની કાર્યવાહી કરી શકે છે, જેમાં કરાર રદ્દ કરવો અથવા વિક્રેતા/કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી સામેલ છે. જો તપાસમાં જાણવા મળે  કે ફરિયાદ ખોટી રીતે કરવામાં આવી હતી અથવા અયોગ્ય હેતુઓ માટે કરવામાં આવી હતી અથવા ખરાબ ઈરાદાથી કરવામાં આવી હતી અથવા વાજબી અને સંભવિત આધાર વિના અથવા ઇરાદાપૂર્વક વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે કરવામાં આવી હતી, તો WC તેને સંસ્થાની આચારસંહિતા અથવા HR નીતિને અનુરૂપ કાર્યવાહી માટે હેડ, HR ને મોકલશે. ઉપરોક્ત જણાવ્યા મુજબ હેડ, HR દ્વારા એક મહિનાની અંદર કાર્યવાહી કરવામાં આવશે.

સંસ્થાના તમામ કર્મચારીઓ, નિર્દેશકો અને અન્ય વ્યક્તિઓએ WC (Whistleblower Committee) દ્વારા કરવામાં આવેલી કોઈપણ તપાસમાં સહકાર આપવો ફરજિયાત છે. તપાસ માટે જવાબદાર વ્યક્તિઓ ફરિયાદના આક્ષેપો અને સંકળાયેલા વ્યક્તિઓની ઓળખ અંગે ગોપનીયતા જાળવી રાખશે, પરંતુ સંપૂર્ણ અને નિષ્પક્ષ તપાસ કરવા જરૂરી પગલાં માટે તે ગુપ્તતાને અનુરૂપ રીતે વ્યવહાર કરશે.

વ્હિસલ બ્લોઅર, વિષય, WC અને પ્રક્રિયામાં સામેલ દરેક લોકો:

a) આ બાબતની સંપૂર્ણ ગુપ્તતા જાળવશે.
b) કોઈપણ અનૌપચારિક, સામાજિક મેળાવડા અથવા મીટિંગ્સમાં આ બાબતની ચર્ચા કરવી નહીં.
c) પ્રક્રિયા અને તપાસ પૂર્ણ કરવા માટે જરૂરી વ્યક્તિઓ સાથે જ જરૂરી મર્યાદામાં જ આ બાબતની ચર્ચા કરો.
d) ખાતરી કરો કે કોઈ પણ સંબંધિત દસ્તાવેજો કોઈપણ સમયે ધ્યાનમાં લેવાનાં રહી જાય નહિ.
e) બધા ઇલેક્ટ્રોનિક મેઇલ્સ અને ફાઇલોને પાસવર્ડ સાથે સુરક્ષિત રાખો.

## 6. રેકોર્ડની જાળવણી અને રિપોર્ટિંગ

- તમામ વ્હિસલબ્લોઅર ફરિયાદોનું સુરક્ષિત રીતે દસ્તાવેજીકરણ કરવામાં આવશે.

- લેખિતમાં અથવા તપાસના પરિણામો સાથે દસ્તાવેજીકરણ કરાયેલ તમામ સંરક્ષિત જાહેરાતો, સંસ્થા દ્વારા ૪ વર્ષના સમયગાળા માટે અથવા અમલમાં રહેલા અન્ય કોઈપણ કાયદા દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલા અન્ય સમયગાળા માટે, બેમાંથી જે વધુ સમય હોય તે માટે જાળવી રાખવામાં આવશે.
- વ્હિસલબ્લોઅર કેસો પર દ્વિ-વાર્ષિક (વર્ષમાં બે વખત) અહેવાલ બોર્ડ સમક્ષ રજૂ કરવામાં આવશે.

## 7. સુધારા અને સમીક્ષા

આ પોલીસીની સમીક્ષા કરી શકાય છે અને CEO અને હેડ- HR&OD દ્વારા જરૂરત મુજબ ફેરફાર/સુધારો થઈ શકે છે જેથી તેની સતત અસરકારકતા સુનિશ્ચિત કરી શકાય અને આ માટે બોર્ડની મંજૂરી જરૂરી છે.

**Disclaimer:** મેનેજમેન્ટ પોતાની સંપૂર્ણ મુનસફી પર કોઈ પણ સમયે આ પોલિસીમાં ફેરફાર/સુધારો/પાછી ખેંચવાનો અધિકાર અનામત રાખે છે. જો આ પૉલિસીની ઇલેક્ટ્રોનિક નકલ અને/અથવા આ પૉલિસીની અન્ય કોઈ નકલ વચ્ચે વિસંગતતા જણાય તો HR ડીપાર્ટમેન્ટ પાસે રહેલ લેખિત નકલ માન્ય ગણાશે.